રજૂ તારીખ : ૨૭/૦૨/૨૦૨૬.
દાખલ તારીખ : ૨૭/૦૨/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૦૬/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૦૮.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૧૬૮/૨૦૨૬.**

**અરજદાર :–** **સંદિપ ઉર્ફે મુકેશ મહંતરાય યાદવ,**
રહેવાસી : કડોદરા, દુર્ગા નગર, પલસાણા,
જીલ્લો : સુરત.
મૂળ રહેવાસી : રીંગા ગામ, રામ નગર, ઇમલી બજાર,
થાના : રીંગા, જીલ્લો : સીતામઢી, બિહાર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

==================================================

**અરજદાર તરફે વિદ્ધાન વકીલ શ્રી વી. એન. નાયકા.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદાર/આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૨૩૨૫૨૪૬૬/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન

ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૬ મુજબના ગુનાના કામે હાલના અરજદારને અટક કરવામાં આવેલા છે. અરજદાર/આરોપી હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિ. વકીલ શ્રી વી. એન. નાયકાની એવી રજૂઆત છે કે, હાલના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા ધી પ્રૉટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૬ મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર તદ્દન નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે હાલના ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. અરજદાર અને ભોગ બનનાર વચ્ચે પ્રેમસંબંધ ચાલી આવેલ અને અરજદાર ભોગ બનનાર સાથે લગ્ન કરવા માટે પણ તૈયાર હતા. અરજદારે ભોગ બનનાર સાથે કોઇ ખોટું કૃત્ય કરેલ નથી. અરજદાર સામે કરવામાં આવેલા આક્ષેપો ખોટાં છે. કહેવાતા આક્ષેપો સાથે અરજદારને કશી લેવાદેવા નથી. સદર ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે, જેથી પુરાવા સાથે ચેડાં થવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. વળી, ચાર્જશીટના કાગળો જોતાં અરજદાર સામે કોઇ પ્રથમદર્શનીય કેસ જણાઇ આવતો નથી. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહેવાસી છે. અરજદાર મજૂરી કરે છે. અરજદારનો કોઇ ગુનાહિત ઇતિહાસ નથી. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓએ તેમની રજૂઆતમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ),

૬૫(૧) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૬ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર સામે ફરિયાદીની સગીર વયની ભોગ બનનાર દીકરી સાથે પ્રેમસંબંધ કેળવી, લલચાવી, ફોસલાવી, અપહરણ કરી તેણી સાથે શરીરસંબંધ બાંધવા સંબંધેનો આક્ષેપ છે. ચાર્જશીટના કાગળો જોતાં અરજદારે સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઇ આવે છે. જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ સાહેદોને ફોડવાની કોશિશ કરે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) પોકસો એકટ હેઠળના ગુનામાં ફરિયાદી/ભોગ બનનારને સાંભળવા જરૂરી હોવાથી તેઓને નોટિસ કાઢવામાં આવતાં ફરિયાદી પોતાના વિ. વકીલશ્રી મારફત અદાલત સમક્ષ હાજર રહેલા અને તેઓએ અરજદારની જામીન અરજીનો વિરોધ કરી અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

(૬) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. ચાર્જશીટના કાગળો વંચાણે લીધાં.

(૭) આ કામે ચાર્જશીટના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૬ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર સામેનો આક્ષેપ જોઇએ તો, અરજદારે ફરિયાદીની સગીર વયની દીકરી કે જેની ઉંમર ૧૫ વર્ષ, ૨ માસ અને ૨૩ દિવસની છે, તેની સાથે પ્રેમસંબંધ રાખેલ, તેણીને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી ફરિયાદીના કાયદેસરના વાલીપણાંમાંથી તેણીનું અપહરણ કરેલ અને અરજદારે ભોગ બનનાર સાથે અવારનવાર શરીરસંબંધ બાંધી બળાત્કાર ગુજારેલ, જેના કારણે ભોગ બનનારને ગર્ભ રહી જવા પામેલ. ચાર્જશીટના કાગળો વંચાણે લેતાં હાલના અરજદારે લગ્ન કરવાના

ઈરાદે ભોગ બનનારનું અપહરણ કરી, અવારનવાર શરીરસંભોગ કરી ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને ચાર્જશીટના કાગળો જોતાં તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ આવે છે. હાલના ગુનાના કામે અરજદાર થકી સગીર વયના ભોગ બનનાર ગર્ભવતી બનેલ છે, જે ખૂબ જ ગંભીર બાબત કહી શકાય. સદર ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. સદર ગુનાનો સ્પે. પોકસો કેસ નંબર : ૬/૨૦૨૬ અત્રેની અદાલતમાં પેન્ડીંગ છે, જેમાં હજુ તહોમતનામું ઘડવાનું બાકી છે તથા સાહેદોનો પુરાવો નોંધવાનો પણ બાકી છે. આ કામના ફરિયાદી, ભોગ બનનાર અને આરોપી કડોદરા વિસ્તારના રહેવાસી હોવાથી જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ સાહેદોને ડરાવે–ધમકાવે અથવા ફોડવાની કોશિશ કરે તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત તમામ હકીકતો, ગુનાની ગંભીરતા, આરોપીની ગુનાના કામની ભૂમિકાને ધ્યાને લેતાં આરોપીને જામીન મુક્તિનો લાભ આપવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાતું ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

અરજદાર/આરોપી સંદીપ ઉર્ફે મુકેશ મહંતરાય યાદવની હાલની ફોજદારી પરચુરણ જામીન અરજી નંબર : ૧૬૮/૨૦૨૬ આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૬ ઠ્ઠી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૬/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594